# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 17-04-2025 Day: Thursday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## સુપ્રિમ કોર્ટ:

સુપ્રીમ કોર્ટે આજે બીજા દિવસે વકફ સુધારા અધિનિયમ, 2025ને પડકારતી અરજીઓ અંગે સુનાવણી હાથ ધરી હતી. કોર્ટે કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવેલી ખાતરીને નોંધી છે કે આગામી સુનાવણી સુધી વકફ સુધારા અધિનિયમ, 2025 હેઠળ વકફ બોર્ડ અથવા સેન્ટ્રલ વકફ કાઉન્સિલમાં કોઈ નવી નિમણૂકો કરવામાં આવશે નહીં. મુખ્ય ન્યાયાધીશ સંજીવ ખન્નાની અધ્યક્ષતાવાળી બેન્ચ અને ન્યાયાધીશ સંજય કુમાર અને કે.વી. વિશ્વનાથને સોલિસિટર જનરલ તુષાર મહેતા દ્વારા આપવામાં આવેલી એ ખાતરીનો પણ ઉલ્લેખ કર્યો હતો કે હાલની વકફ મિલકતોની સ્થિતિ, જેમાં "વપરાશકર્તા-માલિકીની વકફ" તરીકે વર્ગીકૃત કરાયેલી મિલકતોનો સમાવેશ થાય છે, તે હાલ માટે યથાવત રહેશે.

વકફ એક્ટ, ૧૯૯૫માં તાજેતરમાં કરાયેલા સુધારાઓની બંધારણીય માન્યતાને પડકારતી અને તેના પર રોક લગાવવાની માંગ કરતી અરજીઓના સમૂહ પર કોર્ટે કેન્દ્રને સાત દિવસની અંદર પોતાનો જવાબ દાખલ કરવાનો નિર્દેશ આપ્યો છે.

મોટી સંખ્યામાં અરજીઓને કારણે, બેન્ચે અરજદારોને સુનાવણી માટે પાંચ મુખ્ય વાંધા ઓળખવા કહ્યું છે. આ કેસની આગામી સુનાવણી હવે 5 મે ના રોજ થશે.

---

## પદ્મ એવોર્ડ-2026:

રાજ્ય સરકાર દ્વારા કલા, સમાજ સેવા, જાહેર બાબતો, વિજ્ઞાન, ઉદ્યોગ તબીબી, સાહિત્ય અને રમત-ગમત જેવાં ક્ષેત્રમાં જીવન પર્યંત અસાધારણ યોગદાન આપવા બદલ પદ્મ એવોર્ડ-2026 માટે અરજીઓ મંગાવવામાં આવી છે.

પદ્મ પુરસ્કાર માટે રાજ્યના નાગરીકો કેન્દ્ર સરકારની વેબસાઈટ www.padmaawards.gov.in પર અરજી કરી શકશે એમ સામાન્ય વહીવટ વિભાગની યાદીમાં જણાવાયું છે.

પોતાના નામ માટે ગુજરાત સરકારની ભલામણ મેળવવા 30 જૂન 2025 સુધીમાં પદ્મ પુરસ્કારની વેબસાઈટ પર ઉપલબ્ધ નિયત નમુનામાં જિલ્લા કલેક્ટર મારફતે સામાન્ય વહીવટ વિભાગમાં દરખાસ્ત રજૂ કરવાની રહેશે.

---------------------------------------------------------------------------------------

## ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ:

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા સમગ્ર રાજયના વિવિધ એસ.ટી. વિભાગોને કુલ 1863 નવી એસ.ટી. બસોની ફાળવણી કરાશે, જેમાં કચ્છ જિલ્લાને 60 નવી બસો મળશે.

આગામી સમયમાં નિગમમાં 963 સુપર એક્સપ્રેસ, 550 ગુર્જરનગરી એટલે કે સેમી લક્ઝરી અને 350 મિની બસો એમ કુલ 1863 નવીન વાહનો સંચાલનમાં મૂકવાનું આયોજન છે. જે પૈકી કચ્છને 30 સુપર એક્સપ્રેસ, 20 ગુર્જરનગરી અને ૯ મીની બસો મળીને કુલ 60 બસો ફાળવવામાં આવી હોવાની વિગતો મળી રહી છે.

---------------------------------------------------------------------------------------

## વિશ્વ વિરાસત દિવસ:

આવતીકાલે વિશ્વ વિરાસત દિવસની ઉજવણી કરાશે. વૈશ્વિક કક્ષાએ યુનેસ્કો દ્વારા વિવિધ વિષય વસ્તુ આધારિત જાહેર કરવામાં આવેલા ‘વિશ્વ વિરાસત સ્થળો’ દેશ-વિદેશના પ્રવાસીઓ

અને સંશોધકો માટે હંમેશા આકર્ષણનું કેન્દ્ર રહ્યા છે. ગુજરાતમાં પણ સ્થાપત્ય, ઈતિહાસ, જળ વ્યવસ્થાપન, કલા, શ્રેષ્ઠ નગર આયોજન જેવા વિષયોને કેન્દ્ર સ્થાને રાખીને યુનેસ્કો દ્વારા ચાંપાનેર, રાણીકી વાવ, અમદાવાદ સિટી અને ધોળાવીરા એમ ચાર સાઈટને વર્લ્ડ હેરિટેજ-વિશ્વ વિરાસતનો દરજ્જો આપવામાં આવ્યો છે.

રાજ્યની ચાર હેરિટેજ સાઈટની વર્ષ ૨૦૨૪માં દેશ-વિદેશના ૧૨ લાખ ૮૮ હજારથી વધુ પ્રવાસીઓએ મુલાકાત લીધી હતી. જેમાં સૌથી વધુ ૭ લાખ ૧૫ હજારથી વધુ લોકોએ હેરિટેજ સિટી અમદાવાદ જ્યારે ૩ લાખ ૬૪ હજાર પ્રવાસીઓએ રાણીકીવાવ-પાટણ ઉપરાંત ૧ લાખ ૬૦ હજારથી વધુ પ્રવાસીઓએ ધોળાવીરા તેમજ ૪૭ હજાર પ્રવાસીઓએ ચાંપાનેરની મુલાકાત લીધી હતી.

કેન્દ્ર સરકારના પ્રવાસન મંત્રાલય દ્વારા સ્વદેશ દર્શન ૨.૦ યોજના હેઠળ ધોળાવીરાને આવરી લઈને વિવિધ માળખાકીય સુવિધાઓનું નિર્માણ કરવાનું આયોજન નક્કી કરવામાં આવ્યું છે. સરકાર દ્વારા સ્વદેશ દર્શન ૨.૦ અંતર્ગત દેશના આ પ્રકારના કૂલ ૫૦ સ્થળોની પસંદગી કરવામાં આવી છે. જેમાં ગુજરાતના બે સ્થળો ધોળાવીરા અને દ્વારકાની પસંદગી થઇ છે.

---

## લાકડીયા પોલીસ:

જીલ્લામાં કાળઝાળ ગરમી વચ્ચે લાકડીયા પોલીસની અનોખી પહેલ અંતર્ગત પોલીસ મથકમાં 30થી વધુ ચકલીઘર અને 10 પાણીના કુંડા મૂક્યા છે. આ ઉપરાંત, અરજદારો અને ફરિયાદીઓ માટે પણ ઠંડા પાણીના માટલા અને છાયડામાં બેસવાની સુવિધા ઉપલબ્ધ કરીને પોલીસે માનવતા અને કરુણાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

---

# <u>ફાયરિંગ પ્રેક્ટીસ:</u>

ભુજ તાલુકાના રૂદ્રમાતા નજીક આવેલી નોખાણીયા ફિલ્ડ ફાયરિંગ રેન્જ ખાતે આગામી ૨૨ એપ્રિલ થી ૩૦ મે દરમ્યાન નિર્ધારિત કરેલ વિવિધ  તારીખોમાં ભુજ એરફોર્સની ખાસ ટુકડી ૬૦૭ ગરૂડ ફ્લાઈટમાં ફરજ બજાવતાં પોલીસ અધિકારીઓ કર્મચારીઓ માટે સ્મોલ આર્મ્સ અને સ્નીપર ફાયરિંગ પ્રેક્ટીસ યોજવામાં આવશે.

જેથી આ ફાયરિંગ રેન્જમાં કોઇપણ વ્યક્તિઓએ ન પ્રવેશવા અને ઢોરોને પ્રવેશવા ન દેવા આદેશ કરવામાં આવ્યો છે. તેમ છતાં કોઇપણ વ્યક્તિ આ ફાયરિંગ રેન્જમાં પ્રવેશશે તો તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

---